જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૪૬૩ લીટર, ૧૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૫૭ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૪,૯૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૦/૧૮

**મણીનગરઃ** કાજલ વા/ઓ ગુલ સુરેશકુમાર થાવાણી(ઉ.વ.૪૫)(રહે,સંસ્કાર એપાર્ટમેંટ, શેલ્બી હોસ્પિટલ પાસે, એસ.જી.હાઈવે રોડ) એ તા.૮/૧/૧૮ રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૧૭ સાંજનાં ૫/૩૦ થી તા.૨૩/૧૧/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન કાજલબેનની મણિનગર જવાહર ચોક, સ્વસ્તિક હાઉસ, રાધાવલ્લભ મંદિર પાસે, ત્રીજે માળે આવેલ બોની ઈન્ટરનેશનલ નામની ઓફિસ ખાતે આરોપી કરણ પટેલ (રહે,વલ્લભ કોલોની, મકરપુરા, વડોદરા) એ અલગ-અલગ જગ્યાની એર ટીકીટો તથા હોટલ બુકિંગ કરાવી, તે પેટે કાજલબેનને ચુકવવાના કુલ રૂપિયા ૧,૬૯,૮૨૧/- નહી ચુકવી, કાજલબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

### સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૬૧/૧૮

**વસ્ત્રાપુર :** શ્વેતાબેન વા/ઓ કલ્પેશભાઇ ઠ્ક્કર (ઉ.વ.૪૧)(રહે,લાઇન નં.૨૪ સત્યાગ્રહ છાવણી બોડકદેવ) તા.૮/૧/૧૮ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે સોસાયટીની બહાર મગનવાડી આગળ થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) શ્વેતાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૧,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ શ્વેતાબેન ઠક્કરે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૬૨/૧૮**

**વટવા :** રજનીશભાઇ પરમહંસભાઇ રાય ઉ.વ.-૩૧ (રહે,શક્તિ ગાર્ડનીયા ગામડી વટવા રોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧/૧૮ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૨,૫૦૦/- (૨) સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૩) સોનાની છ અંગુઠી મળી કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૪) સોનાનુ કાનનું એક જોડી ઝુમ્મર કિંમત રૂપિયા ૧૨,૫૦૦/- (૫) બે સોનાની નાકની ચુની કિંમત રૂપિયા ૨૫૦૦/- (૬) ચાંદીની બે જોડી પાયલ કિંમત રૂપિયા ૫૦૦૦/- (૭) અગીયાર ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧૫૦૦/- જે તમામ મળી કુલ રૂપિયા ૧,૩૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૩/૧૮**

**નરોડા :** માનસીબેન દિનેશભાઇ પાલ (ઉ.વ.૨૧)(રહે,જે.કે.પેકેજીગ કંપની પ્લોટ નંબર-૩૪, જીઆઇડીસી નરોડા) તા.૩૧/૧૨/૧૭ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી., પ્લોટ નંબર-૩૪, જે.કે.પેકેજીગ કંપનીમાં પ્રાઇમસ ઉપર જમવાનુ બનાવતા હતા દરમ્યાન પ્રાઇમસનું કેરોસીન માનસીબેન નાં કપડામા ઢોળાતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૮/૧/૧૮ બપોરના ૪/૦૦ વાગે ડૉ.શ્રીએ માનસીબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**બીજા માળેથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૪/૧૮**

**નરોડા :** રાજકુમાર કિશનદાસ મુલચંદાણી (ઉ.વ.૪૦)(રહે,વિશાલ એપાર્ટમેન્ટ જૈન દેરાસરની સામે કૃષ્ણનગર) તા.૭/૧/૧૮ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીજા માળેથી પડી જતા ઇજા થતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ લાવતા, સારવાર દરમ્યાન તા.૮/૧/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગે ફરજ પરનાં ડૉ.શ્રી એ રાજકુમાર ને મૃતજાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભારતસિહ દલપતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.